ચાહે સંકટને મુજે ઘેરા હો, ચાહે ચારોં ઓર અંધેરા હો, પર મન ના ડગમગ મેરા હો, રહે ધ્યાન તુમારે ચરણોમેં

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૦૭૪ |
| અમદાવાદ | ૧૫૩ |
| ગાંધીનગર | ૨૮ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૦ ૮ ઓગસ્ટ, ૨૦૨૦, શનિવાર; શ્રાવણ વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવી શિક્ષણ નીતિથી દેશ સશક્ત બનશે : મોદી

**વડાપ્રધાને હાયર એજ્યુકેશન પર થઇ રહેલ કોન્કલેવને સંબોધિત કરી : ૩-૪ વર્ષની ચર્ચા અને લાખો સૂચનો પછી નવી શિક્ષણ નીતિ તૈયાર કરાઈ, હવે વોટ યૂ થિંક નહીં, હાઉ ટૂ થિંક પર ભાર : નવી શિક્ષણનીતિ ૨૧મી સદીના ભારતનો પાયો નાખશે, આ પોલિસીમાં દરેક વિદ્યાર્થીને પોતાને સાબિત કરવાની તક મળશે : ઘરમાં બોલાતી બોલી અને શિક્ષણની ભાષા એક જ હોવી જોઈએ**




ન્યુ દિલ્હી,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હાયર એજ્યુકેશન પર થઈ રહેલા કોન્કલેવમાં સંબોધન કરતાં કહ્યું કે ૩-૪ વર્ષના વિચાર-વિમર્શ અને લાખો સૂચનો પછીનવી એજ્યુકેશન પોલિસી મંજૂર કરાઈ છે. અલગ અલગ ક્ષેત્ર અને વિચારધારાઓના લોકો તેમના મત આપી રહ્યા છે.આ એક સંદુરસ્ત ચર્ચા છે, જે જેટલી વધારે થશે એટલો જ લાભ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવ્યા પછી દેશના કોઈ પણ વર્ગ તરફથી એવા સવાલો ઊભા થયા નથી કે આ કયા પ્રકારનો ભેદભાવ છે. લોકો વર્ષોથી ચાલતી શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર ઈચ્છતા હતા, જે તેમને હવે મળ્યા છે.

વડાપ્રધાને કહ્યું કે, બાળકોના ઘરની બોલી અને સ્કૂલમાં શીખવાની ભાષા એક જ હોવી જોઈએ, જેથી બાળકોને શીખવામાં સરળતા રહે. હાલ ધોરણ-૫ સુધી બાળકોને આ સુવિધા મળશે. અત્યાર સુધીની શિક્ષણ નીતિ ઉરૢૂ`ૈહા ની સાથે આગળ વધી રહી હતી. હવે અમે લોકોએ ઉૂઁ`ૈહા પર ભાર મૂકીશું.

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીલંકામાં રાજપક્ષોની પાર્ટી વિજયના પંથે : મોદીની શુભેચ્છા

**શ્રીલંકામાં સંસદીય ચૂંટણીના પરિણામ :સિંહાલી બહુમતી ધરાવતા દક્ષિણ ક્ષેત્રમાં અત્યાર સુધી ૫ પરિણામ જાહેર, એસએલપીપીને ૬૦ ટકાથી વધારે મત મળ્યા**

કોલંબો, તા. ૭

શ્રીલંકાની સંસદીય ચૂંટણીની મતગણનાના શરુઆતી વલણમાં પ્રધામંત્રી મહિન્દ્રા રાજપક્ષેની શ્રીલંકા પીપલ્સ પાર્ટીને બહુમત મળતી દેખાઈ રહી છે. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહિન્દ્ર રાજપક્ષેને ફોન કરીને જીતની શુભેચ્છા પાઠી હતી. સિંહલી બુહલ દક્ષિણ ક્ષેત્રમાં અત્યાર સુધી પાંચ પરિણામો જાહેર થયા છે. જેમાં એસએલપીપીને ૬૦ ટકાથી વધારે મત મળ્યા છે. મહિન્દ્ર રાજપક્ષેએ ટ્વીટ કરીને પીએમ મોદીને જીતની શુભેચ્છા પાઠવવા માટે આભાર માન્યો હતો. તેમણે લખ્યું છે કે પીએમ નરેન્દ્ર મોદીજી તમારા ફોન માટે આભાર. શ્રીલંકાના લોકોમાં મજબૂત સમર્થનની સાથે આપણા બંને દેશો વચ્ચે ચાલી આવતા સહયોગને વધારવા માટે તમારી સાથે મળીને કામ કરવા માંગીએ છીએ. શ્રીલંકા અને ભારત સંબંધી અને મિત્ર છે. ત્યારબાદ રાજપક્ષેના આ ટ્વીટને રિટ્વીટ કરીને પીએમ મોદીએ લખ્યું હતું કે ધન્યવાદ મહિન્દ્રા રાજપક્ષેજી. તમારી સાથે વાત કરતા આનંદ થયો. એકવાર ફરીથી ખૂબ ખૂબ શુભેચ્છા.

આ દ્વિપક્ષીય સહયોગના દરેક ક્ષેત્રોને



આગળ વધારવા અને પોતાના વિશેષ સંબંધોને હંમેશા નવી ઉંચાઈ સુધી લઈ જવા માટે મળીને કામ કરીશું. શ્રીલંકા પીપલ્સ પાર્ટીની નિકટતમ પ્રતિદ્વંદ્વી એક નવી પાર્ટી છે જેની સ્થાપના સજીથ પ્રેમદાસાએ કરી છે. પ્રેમદાસાએ પોતાની મૂળ પાર્ટી યુનાઈટેડ નેશનલ પાર્ટીથી અલગ થઈને નવી પાર્ટી બનાવી છે.

# રશિયા આગામી સપ્તાહે કોરોનાની પહેલી રસી નોંધાવશે

**વેક્સિન ક્લિનિકલ ટ્રાયલમાં ૧૦૦ ટકા સફળ રહી : રશિયામાં તમામ ટ્રાયલ પૂર્ણ કરાયા : રશિયાએ વેક્સિન તૈયાર કરવા ગાઇડલાઇન્સનું પાલન નથી કર્યું તેથી વિશ્વાસ મૂકવો જોખમી : ડબલ્યૂએચઓ**

મૉસ્કો, તા. ૭

રશિયા એ દાવો કર્યો છે કે ૧૨ ઓગસ્ટે કોરોનાની વેક્સીનને લૉન્ચ કરી દેવામાં આવશે. તે કોરોનાને મ્હાત આપવા માટે દુનિયાની પહેલી વેક્સીન હશે. સમાચાર એજન્સી બ્લૂમબર્ગ મુજબ, લૉન્ચને લઈ તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે. રિપોર્ટ મુજબ, પહેલા તેનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે અને પછી તેને ૩થી ૭ દિવસની અંદર આ વેક્સીન લોકો માટે બજારમાં ઉપલબ્ધ હશે. રશિયા તરફથી પહેલા કહેવામાં આવ્યું હતું કે ૧૫-૧૬ ઓગસ્ટ સુધી આ વેક્સીન આવશે. આ વેક્સીનને ગામાલેયા નેશનલ રિસર્ચ સેન્ટર ઓફ એપીડેમીલોજી એન્ડ માઈક્રો બાયોલોજીએ તૈયાર કરી છે.

● અનુસંધાન પાન-૭ પર




## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૯૩૭૪૫૦૫ | ૭૧૯૮૫૬ | ૧૬૦૩૪૯૨૧ |
| ભારત | ૨૦૭૬૫૫૩ | ૪૨૪૩૯ | ૧૪૧૯૫૯૭ |
| ગુજરાત | ૬૮૮૮૫ | ૨૬૦૬ | ૫૧૭૯૨ |
| ગાંધીનગર | ૧૭૬૪ | ૯૯ | ૧૩૧૭ |

# દેશમાં કોરોના કેસમાં વિક્રમી વધારો : નવા ૬૨,૫૩૮

**દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૦,૨૭,૦૭૫, અત્યાર સુધી ૧૩,૭૮,૧૦૬ દર્દીએ કોરોનાને માત આપી**

નવી દિલ્હી, તા. ૭

દેશમાં કોરોના વાયરસનો કહેર જારી રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા શુક્રવારે જારી કરવામાં આવેલા આંકડા મુજબ, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૬૨,૫૩૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૦,૨૭,૦૭૫ સુધી પહોંચી ગઈ છે. દેશમાં અત્યાર સુધી કુલ ૧૩,૭૮,૧૦૬ દર્દીઓએ કોરોનાને માત આપી છે. ભારતમાં કોરોનાનો મૃત્યુઆંક ૪૧,૫૮૫ પર પહોંચી ગયો છે.

દેશમાં કોરોનાના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. કર્ણાટક અને તમિલનાડુમાં દરરોજ ૫,૦૦૦થી વધુ દર્દી મળી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં પણ દરરોજ લગભગ ૪,૦૦૦ નવા દર્દી નોંધાઈ રહ્યા છે. બીજી તરફ, એક અભ્યાસ પ્રમાણે ભારતમાં પાંચ કરોડથી વધુ વસતીવાળા ૧૦ રાજ્યોમાંથી છ રાજ્યમાં ગત મહિનાની સરખામણીમાં કેસના

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- દેશમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ ૧લી સપ્ટેમ્બરથી આરંભવાની કવાયત.
- ફેસબુકના સંસ્થાપક ઝુકબાગર્ની અબજોપતિઓની યાદીમાં એન્ટ્રી
- મદ્રાસ હાઈકોર્ટ પતંજલિ આયુર્વેદને ૧૦ લાખનો દંડ ફટકાર્યો
- ભારતની પહેલી 'કિસાન રેલ' ટ્રેનને દેવલાલીમાંથી રવાના કરાઈ
- અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે ટીકટોક અને વીચેટ પર પ્રતિબંધ લગાવ્યો
- દિલ્હીની આપ સરકારે ઈલેક્ટ્રીક વ્હીકલ પૉલીસી લોન્ચ કરી

## કેરળના કોઝીકોડ એરપોર્ટ પર વિમાન દુર્ઘટનાગ્રસ્ત



દુબઈથી આવેલ એર ઈન્ડિયાનું વિમાન કેરળના કોઝિકોડ એરપોર્ટ પર દુર્ઘટનાગ્રસ્ત થતાં ૨ પાયલોટના મૃત્યુ થયા હતા અને ૫૦થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. જો કે દુબઈથી ૧૯૧ મુસાફરો વિમાનમાં હતા. હજુ વિગતોની રાહ જોવાય છે.

# કેરળના ઈડુકીમાં વિનાશકારી વરસાદ: ભૂસ્ખલનમાં ૧૮ મોત

**૭૦થી વધારે લોકો ફસાયા હોવાની આશંકા : ચાના બગીચામાં કામ કરતા લોકોનાં ઘરો તણાઈ ગયાં**



તિરુવનંતપુરમ, તા. ૭

કેરળના ઈડુક્કી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદથી વિનાશ વેરાયો છે. જિલ્લાના રાજમલામાં ભૂસ્ખલનથી ૧૮ લોકોના મોત થયાં છે. કેરળના ઘણા વિસ્તારોમાં ત્રણ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. સ્થાનિક તંત્રના જણાવ્યા પ્રમાણે આ ઘટનામાં ૭૦થી વધારે લોકો ફસાયા હોવાની આશંકા છે. બચાવ કામગીરી ચાલુ છે.

કેરળના સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે મોબાઈલ ટીમ અને ૧૪ એમ્બ્યુલન્સ મોકલાઈ છે. અત્યાર સુધીમાં ૧૦ લોકોને બચાવી લેવાયા છે. આ વિસ્તાર પર્યટન સ્થળ મુન્નારથી ૨૫ કિમી દૂર છે. જે જગ્યાએ ભૂસ્ખલન થયું તે ચાના બગીચામાં કામ કરતા મજૂરોની કોલોની હતી. લેન્ડ સ્લાઈડથી આખો વિસ્તાર સંકજામાં આવી ગયો. કાટમાળમાં મજૂરોના ૨૦થી વધુ ઘર વહી ગયા. મળતી માહિતી પ્રમાણે, મોટાભાગના મજૂર તમિલનાડુના રહેવાસી હતા.

એક અસરગ્રસ્તે જણાવ્યું કે,જ્યારે ભૂસ્ખલન થયું ત્યારે અમે જોરથી અવાજ સાંભળ્યો હતો. તે પછી બધુ ખતમ થઈ ગયું હતું. લોકો બચવા માટે ભાગી રહ્યા હતા, પણ પાણી અને કાટમાળમાં બધુ વહી ગયું હતું.

પૂરમાં બચેલા દીપને જણાવ્યું કે, ભૂસ્ખલન વખતે હું પપ્પા, મમ્મી અને પત્ની સાથે ઘરમાં હતો. બધું કાટમાળમાં દબાઈ ગયું. તેમને આંખમાં વાગ્યું છે. મમ્મીની હાલત નાજૂક છે. તેમણે જણાવ્યું કે,મારા પિતા અને પત્ની હજુ સુધી મળ્યા નથી.

હવામાન વિભાગે ૧૧ ઓગસ્ટ સુધી ઈડુક્કી, મલપ્પુરમ અને વાયનાડમાં ભારે વરસાદની આગાહી કરી છે.

# મુંબઈમાં સતત ત્રીજા દિવસે પણ મેઘતાંડવ

**ભારે પવનમાં સ્ટોક એક્સચેન્જ પરનાં હોર્ડિંગ્સ તૂટ્યાં, જેએનપીટી પર ક્રેઈન તૂટી : કોલાબામાં ૧૩.૫ ઈંચ વરસાદ**

મુંબઈ, તા. ૭

સતત ત્રીજા દિવસે મેઘરાજાએ મુંબઈમાં ખાનાખરાબી સર્જી દીધી છે. ગુરુવાર મધરાતથી દક્ષિણ મુંબઈના કોલાબા, નરિમન પોઈન્ટ, મરિન ડ્રાઈવ વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો. મુંબઈમાં કોલાબા ક્ષેત્રમાં ઓગસ્ટ મહિનામાં ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદનો વિક્રમ નોંધાયો છે. હવામાન વિભાગ અનુસાર સવારે ૮.૩૦ વાગ્યા સુધી મુંબઈના કોલાબા ક્ષેત્રમાં ૧૩.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. સાંતાક્રૂઝ ક્ષેત્રમાં ૬.૫ ઈંચની નોંધાયો હતો. છેલ્લે ૩ ઓગસ્ટ, ૧૮૮૧ના રોજ ૧૨ ઈંચ વરસાદની નોંધ હતી.

કોલાબામાં ૧૦ ઓગસ્ટ, ૧૯૯૮ના ૧૦.૫ ઈંચ, ૨૩ ઓગસ્ટ, ૧૯૯૬ના ૧૦ ઈંચ અને ૧૫ ઓગસ્ટ, ૧૯૯૦ના ૧૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ક્ષેત્રમાં આનાથી પણ વધુ વરસાદ નોંધાયો છે, પરંતુ ઓગસ્ટ મહિનામાં વિક્રમી વરસાદ થયો નથી.

